PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/કવા-૦૨/૧૮-૧૯/ 1662 (4) તા 24-10-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ઓલ ઈન્ડીયા રેડીયો,
સીતારામ પંડીત રોડ,
રેસકોર્ષ ની સામે,
પીનકોડ-૩૬૦૦૦૧
મો: ૯૮૨૫૩ ૪૦૦૧૩

**વિષય :-સપ્ટે-૧૮ ના બીલ મા આવેલ ડીલ પેમેન્ટ ચાર્જ બાબત**
**સંદર્ભ:- આપની અરજી , તા. ૨૪-૦૯-૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૭/કવા-૦૨/૧૮-૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૭/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ઓલ ઈન્ડીયા રેડીયો, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર ઓલ ઈન્ડીયા રેડીયો – રાજકોટ વતી તેમના પ્રતિનીધી તરીકે આશાબેન ત્રીવેદી હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.એ.ચાવડા – નાયબ ઈજનેર (ટેક) ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

**: હુકમ :**

**ફરીયાદ : સપ્ટે–૧૮ ના બીલ મા આવેલ ડીલ પેમેન્ટ ચાર્જ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.– ૨૫૦૩૦ થી એચ.ટી.પી.–૧ કેટેગરી હેઠળ ૫૦૦ કેવીએનુ ઓલ ઈન્ડીયા રેડીયો ના નામથી રાજકોટ ખાતે ધરાવે છે. તેઓને માહે માર્ચ–૧૮ નુ વીજબીલ ની છેલ્લી તા.૨૩–૦૩–૧૮ હતી, જે બીલ સમયમર્યાદા મા એસ.બી.આઈ. બેન્ક ના ચેક નં. ૭૫૯૦૨૫ થી તા.૨૩–૦૩–૧૮ થી રૂ.૮,૫૩,૬૨૧/– થી પીજીવીસીએલ મા રસીદ નંબર: ૯૯૩૦૬૪ થી ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ, પીજીવીસીએલ વિભાગીય કચેરી ના પત્ર નં. – આરઆરડી/૬૭૨૨ તા.૨૧–૦૫–૧૮ થી જાણકારી આપેલ કે સદર વીજબીલ નો ચેક બેન્ક દ્રારા પરત કરાયેલ છે. જે ખરેખર સત્ય હકીક્ત નથી. વધુમાં માર્ચ–૧૮ ના વીજબીલ ના નાણા પીજીવીસીએલ મા જમા થયેલ ન હોય – જેનો ડીલ પેમેન્ટ ચાર્જ વીજબીલ સપ્ટે–૧૮ ના વીજબીલ મા ઉમેરીને આવેલ હોય – જે અરજદાર ની કોઈ ભુલ ન હોય – આમ, તેઓ કેન્દ્ર સરકાર દ્રારા સંચાલીત સંસ્થા હોય – સદર ડીલ પેમેન્ટ ચાર્જ ની રકમ તેઓના ઓડિટ મા પણ માન્ય રાખવામા આવેલ ન હોય – જેથી સદર ડીલ પેમેન્ટ ચાર્જ રદબાતલ કરાવવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૨–૧૦–૧૮ ના રોજ અરજદાર ના પ્રતિનીધી દ્રારા મૌખિક માં જણાવેલ કે – પૂરતી બેલેન્સ – જે તે વખતે હતી, અને રૂ.૫૦,૦૦૦/– થી વધુ રકમ – ઓટોમેટીક – ફીકસમાં કન્વર્ટ થઈ જાય તેવી જ રીતે – જો કોઈ રૂ.૫૦,૦૦૦/– વધારે નો ચેક રજુ કરેતો ફીક્સ રકમ માથી – ઓટો સ્વીપ થઈ જાય છે. આમ, બેંક દ્રારા – પીજીવીસીએલ ને જણાવાયેલ અપૂરતી બેલેંસ નુ કારણ યોગ્ય ગણી શકાય નહી. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ઓલ ઇન્ડિયા રેડિયો ના એચ.ટી.વીજજોડાણ ગ્રાહક નંબર ૨૫૦૩૦ ના સપ્ટે–૧૮ ના બિલમાં અત્રેની કચેરી દવારા આકારવામાં આવેલ વિલંબિત ચાર્જ રૂ.૨૦૨૭૩.૫૦ જમા આપવા બાબતની તા.૨૪.૯.૧૮ ની અરજી અત્રેની કચેરીને મળેલ છે જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.<br>૧. અરજદાર ઓલ ઇન્ડિયા રેડિયો ના નામે ગ્રાહક નંબર ૨૫૦૩૦ થી અત્રેની વિભાગીય કચેરી હેઠળ એચટી વીજજોડાણ ધરાવે છે જેનુ માર્ચ–૧૮ નુ રૂ ૮૫૩૬૨૧/– નું બિલ તા.૧૭.૩.૧૮ ના રોજ બનાવેલ જે બિલની છેલ્લી તા.૨૭.૩.૧૮ હતી.<br>૨. ઉપરોકત બિલ ગ્રાહકે ચેક નં–૭૫૯૦૨૫ થી તા.૨૩.૩.૧૮ ના રોજ ભરપાઇ કરેલ જેના રસીદ નંબર ૯૯૩૦૬૪ છે. સદર ચેક બેંકમાં વિભાગીય કચેરી દવારા તા.૨૩.૩.૧૮ ના રોજ MT કરવામાં આવેલ. |

૩. ઉપરોકત ચેકની રકમ માર્ચ–૧૮ અને એપ્રિલ–૧૮ ના બેંક સ્ટેટમેન્ટમા જમા ન આવતા પત્ર નં–આરઆરડી/રેવ/આર–૪/૬૩૧૨ થી તા.૧૪.૫.૧૮ ના રોજ જીમખાના બ્રાન્ચ મેનેજરને રકમ જમા આપવા બાબતે જણાવેલ.જે પત્ર અત્રેની કચેરીના જુનીયર આસીસ્ટન્ટ દવારા બેંક મેનેજરને રૂબરૂ આપવામાં આવેલ.

૪. ત્યારબાદ પણ રકમ જમા ન આવતા ફરીથી પત્ર નં–આરઆરડી/રેવ/૬૫૦૫ થી તા.૧૭.૫.૧૮ ના રોજ બેંકને રકમ જમા આપવા અને રકમ મોડી જમા આપવા અંગેનું વ્યાજ પણ જમા આપવા જણાવેલ.

૫. જેનો તા.૧૬.૫.૧૮ થી બેંકે પ્રત્યુતર આપી સવાલવાળા ચેકને અરજદારના ખાતામાં બેલેન્સ ન હોવાથી ચેક રીટર્ન તરીકે અત્રેની કચેરીને અસલ ચેક અમારી નિગમીત કચેરીને પરત કરેલ જે અત્રેની કચેરીને તા.૧૯.૫.૧૮ ના રોજ મળેલ.

૬. ચેક રીટર્ન બાબતે અત્રેની કચેરી દવારા ગ્રાહકને ટેલિફોનિક તેમજ પત્ર નં–આરઆરડી/રેવ/એચટી/૬૭૨૨ થી તા.૨૧.૫.૧૮ ના રોજ જાણ કરવામાં આવેલ.

૭. ઉપરોકત પત્ર અન્વયે ગ્રાહકે તેઓના પત્ર નં RAJ-19(2)2018-19/AC dt.23.05.18 થી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાને તેઓના ખાતામાં બેલેન્સ હોવા છતાં બે માસ બાદ ચેક રીટર્ન કરેલ હોય અને તેઓનુ તંત્ર સેન્ટ્રલ ગર્વમેન્ટ હેઠળ હોય રીટર્ન થયેલ ચેક કલીયર કરી આપવા જણાવતા બેંકે તા.૨૩.૫.૧૮ ના રોજ સદર કલીયર કરી પીજીવીસીએલ ના ખાતામાં રકમ જમા આપેલ છે.

૮. આમ ગ્રાહકના બિલની છેલ્લી તારીખ વિત્યા બાદ ચેકની રકમ જમા થયેલ હોય ઇન્ટરનલ ઓડિટ સુરેન્દ્રનગરની ટીમ દવારા તા.૨૩.૩.૧૮ થી તા.૨૩.૫.૧૮ સુધીનું વિલંબીત ચુકવણી ની રકમ રૂ.૨૦૨૭૩.૫૦ ની રીકવરી સુચવવામાં આવેલ છે જે સપ્લાય કોડની કલોઝ નં–૬.૭૪ મુજબ નિયમાધીન છે. જે રીકવરીની રકમ વસુલાત માટે ગ્રાહકના સપ્ટે–૧૮ ના બિલમાં ઉધારવામાં આવેલ છે.

આમ ગ્રાહકના બિલમાં ઉધારવામાં આવેલ વિલંબિત ચાર્જની રકમ કંપનીના નિયમાધીન છે જે ગ્રાહકે ભરવાપાત્ર છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧**

૧. અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ઓલ ઇન્ડિયા રેડિયો ના એચ.ટી.વીજજોડાણ ગ્રાહક નંબર ૨૫૦૩૦ થી એચ.ટી.પી.–૧ કેટેગરી હેઠળ ૫૦૦ કેવીએનુ ઓલ ઈન્ડીયા રેડીયો ના નામથી રાજકોટ ખાતે ધરાવે છે. જેનુ માર્ચ–૧૮ નુ રૂ ૮૫૩૬૨૧/– નું બિલ તા.૧૭.૩.૧૮ ના રોજ બનાવેલ જે બિલની છેલ્લી તા.૨૭.૩.૧૮ હતી. સદર બિલ ગ્રાહકે ચેક નં–૭૫૯૦૨૫ થી તા.૨૩.૩.૧૮ ના રોજ ભરપાઇ કરેલ જેના રસીદ નંબર ૯૯૩૦૫૪ છે. સદર ચેક બેંકમાં વિભાગીય કચેરી દવારા તા.૨૬.૩.૧૮ ના રોજ બેંકમા જમા કરવા માટે મોકલવામા આવેલ.

૨. સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં.(૩) મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા દોઢ માસ બાદ ગ્રાહક નો ચેક જમા ન થતા તા.૧૪–૦૫–૧૮ ના રોજ બેંક ને ચેક જમા ન થયા ની જાણકારી આપેલ, જે અનુસંધાને –પેટા મુદદા નં.(૩) મુજબ બેંક ના પત્ર તા.૧૬–૦૫–૧૮ દ્વારા સદર ગ્રાહક ના ખાતામાં અપુરતી બેલેન્સ હોવાથી ચેક ને રીટર્ન કરેલ, તેમજ જણાવેલ કે સદર ચેક શરતચુક થી રજીસ્ટર્ડ ટપાલ મારફત મોકલાવાયેલ નથી. જે સબંધક બેંક દ્વારા – પીજીવીસીએલ ની નિગમીત કચેરી ને મોકલી આપેલ છે. જે સદર ચેક પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં તા.૧૯–૦૫–૧૮ ના રોજ મળેલ. જે બાબત ની જાણકારી ગ્રાહક ને તા.૨૧–૦૫–૧૮ ના પત્ર દ્વારા અપાયેલ હતી. જે પત્ર ગ્રાહક ને તા.૨૨–૦૫–૧૮ ના રોજ મળેલ, તે મુજબ – ચેક રીટર્ન નો બેંક નો કમીશન ચાર્જ રૂ.૩૦૦/– દિવસ–૦૭

મા ભરપાઈ કરવા જણાવેલ – તેમજ સદર વીજબીલ નુ ચુકવણુ ડિમાન્ડ ડ્રાફ્ટ થી કરવા જણાવેલ. ગ્રાહક દ્વારા સદર રીટર્ન થયેલ ચેક ને – બેંક મા કલીયર કરી આપવા જણાવતા – બેંકે તા.૨૩–૦૫–૧૮ ના રોજ સદર રીટર્ન થયેલ ( ડીસ ઓનર ચેક નં.–૭૫૯૦૨૫) ને જ – પીજીવીસીએલ ના ખાતામાં જમા આપેલ છે.

૩. વધુમાં પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના પત્ર તા.૧૭–૦૫–૧૮ થી બેંક મેનેજર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ને સંબોધીને લખેલ છે. તે મુજબ – ચેક જુની તારીખ મા રીટર્ન બતાવેલ હોય – જે બેંક ના સ્ટેટમેન્ટ માહે માર્ચ–૧૮ થી તા.૧૫–૦૫–૧૮ સુધી – સદર ચેક ને રીટર્ન તરીકે બતાવવામા આવેલ નથી.

૪. ઉપરોક્ત મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં.(૮) મુજબ ની વિગતે – ઈન્ટરનલ ઓડિટ ટીમ દવારા તા. ૨૩.૩.૧૮ થી તા. ૨૩.૫.૧૮ સુધીનું વિલંબીત ચુકવણી ની રકમ રૂ. ૨૦૨૭૩.૫૦ ની રીકવરી સુચવવામાં આવેલ છે જે સપ્લાય કોડની કલોઝ નં–૬.૭૪ મુજબ ''....ચેક અને ડિમાન્ડ ડ્રાફ્ટ અનુસુચિત વાણીજય બેંક ની કોઈપણ શાખા કે જે સબંધક પેટા વિભાગીય કચેરી જયા આવેલી હોય – તે વિસ્તાર માટે ના કલીયરીંગ હાઉસ ની સભ્ય હોય – ત્યા ચુકવવા પાત્ર થશે. ચેક વસુલાત ની તારીખ પરવાનેદાર ના ખાતામાં ચુકવણી મળે તે તારીખ ગણવામા આવશે. ''જે બાબત નિયમાધીન છે.

૫. ઉપરોક્ત બાબતે સદર કેઈસ મા – ગ્રાહક દ્વારા સમયસર વીજબીલ ની ચુકવણી નો ચેક આપવામા આવેલ છે. પરંતુ, સબંધક બેંક દ્વારા અપુરતી બેલેન્સ હોવાથી ચેક ને રીટર્ન થયા અંગે ની સમયસર કલીયરીંગ કરવામા આવેલ હોત, તેમજ પીજીવીસીએલ પક્ષકાર ના સબંધક કર્મચારી દ્વારા સમયસર વીજબીલ ના નાણાનો ચેક પીજીવીસીએલ મા જમા થયા બાબતે ની તપાસની કાર્યવાહી યોગ્ય સમયમર્યાદા મા કરાયેલ હોત તેમજ – અરજદાર પક્ષકાર એટલેકે ઓલ ઈન્ડીયા રેડીયો, ગામઃ રાજકોટ દ્વારા પીજીવીસીએલ મા અપાયેલ વીજબીલ ના ચેક બાબતે – સમયસર ચેક ની રકમ ઉધારાયેલ છે કે કેમ તે અંગે નુ યોગ્ય તપાસ કરાયેલ હોત તો પણ – સદર ગ્રાહક ને ડિલેપેમેન્ટ ચાર્જ ઓછો ભરવાનો થાત. આમ, સદર બાબત ખૂબજ ગંભીર ગણી શકાય, તેમજ પીજીવીસીએલ ને રૂ.૮,૫૩,૬૨૧/– ની રકમ નો ચેક ગ્રાહક દ્વારા જમા કરાવેલ છે, જે સદર રકમ – બેંક ની કાર્યવાહી ની ભુલ ને કારણે – તા.૨૩–૦૫–૧૮ ના રોજ પીજીવીસીએલ ના ખાતામા જમા થયેલ છે. જેથી, પીજીવીસીએલ ને સદર બાબતે નાણાકીય નુકશાન થતી અટકાવવા માટે ભવિષ્યમાં સદર બાબતે ની કોઈ તકરાર ઉભી ન થાય તે માટે ગ્રાહક દ્વારા ચેક થી થયેલ ચુકવણા ની રકમ જમા થયા અંગે ની અચુકપણે નિયમીત અને સમયસર સમીક્ષા કરવા ખાસ તાકીદ સાથે ની જાણકારી આપવામા આવે છે.

૬. ઉપરોક્ત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા જણાવાયેલ છે કે – જે તે વખતે પૂરતી બેલેન્સ – હતી, અને રૂ.૫૦,૦૦૦/– થી વધુ રકમ – ઓટોમેટીક – ફીકસમાં કન્વર્ટ થઈ જાય તેવી જ રીતે – જો કોઈ રૂ.૫૦,૦૦૦/– વધારે નો ચેક રજુ કરેતો ફીકસ રકમ માથી – ઓટો સ્વીપ થઈ જાય છે, આમ, બેંક દ્વારા કરાયેલ વિલંબીત કાર્યવાહી ને કારણે – ગ્રાહક પાસેથી વિલંબીત ચુકવણી ની રકમ વસુલી ન શકાય. જે માત્ર બેંક પાસેથી વસુલવા પાત્ર થતો હોય – જે સબંધક બેંક પાસેથી વસુલાત કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, તેમજ અરજદાર પક્ષકાર ને સદર બાબતે પૂરતો સહકાર ( લેખીત મા તેમજ રૂબરૂ ) આપવા બાબતે નો, આ સાથે આદેશ આપવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં.(૬) મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવાની અરજદાર પક્ષકાર તેમજ પીજીવીસીએલ પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.